જરથોસ્તી ધર્મ-માળા:

(અંક ૧ લો.)

ભાઈબંધી.

(જરથોસ્તી ધર્મનો મુળ કાનુન)

લખનાર—વોહુ-મન

"ગમે દીન ખોર, કે ગમ ગમે દીન અસ્ત,
હમે ગમહા ફુરેતર અઝ ઇન અસ્ત"
નનો ગમખા, કે તેજ ખરો ગમ છે, બીજા ગમો એથી ઉતરતા છે

મુંબઈ:
ચીપન પ્રીન્ટીંગ પ્રેસ, કાલબાદેવી.

યઝદજરદી સને ૧૨૯૩.

ખુલાસો.

આ નીબંધ "જરથોસ્તી ભાઇબંધોર" ની મંડલીની એક સભામાં સંભળાવ્યો હતો, જ્યાર પછી ગયા મારચ મહીનાના ગુલઅફશાનમાં તે પ્રગટ થયો હતો. ત્યાર પછી ઘટતા ફેરફાર અને વધારા સાથે આ આકારમાં તેને મંડળી તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે.

મંડળીની મુળ નેમને લગતી આ બાબદ હોવાથી તેને પહેલા અંક તરીકે પ્રગટ કરવામાં આવી છે.

"જરથોસ્તી ધર્મ-માળા" માં સમાયલા વિચારે પોતે જવાબદાર રહેશે.

રોજ ૧૯ મો, માહ ૭ મો, શહેનશાહી,
સને ૧૨૧૩ યજરજર્દી.

યજદાં!

જરથોસ્તી ધર્મ-માળા:

(અંક ૧ લો.)

ભાઇબંધી.

(જરથોસ્તી ધર્મનો એક મુળ કાનુન)

લખનાર:—વોહુ-મન.

આસ્તુએ દએનામ વધઉહીમ માજદયસ્નીમ ફ્રસ્પાયએ ખ્ર.મ નિધાસ્નદઇથિષેમ ખએત્વદથાંમ અષઓનીમ—યજશ્ને ૧૨-૯.

ભલી માજદયસ્ની દીન કે જે ઝઘડો મટાડનારી, (યાને માહો માંહેનાં કકાસને દુર કરનારો), હથ્યાર છોડવનારી, તથા દોસ્તી, ભાઇબંધી, અને ખેશાવદી આપનારી અશો છે, તેને હું વખાણું છું.

તે કરીમે કારસાજે પોતાની કામેલ કુદરતથી માણસજાતને અક્કલનુ કીમતી ગોહર બક્ષી, તેને સર્વે પ્રણીઓ ઉપર ચઢતો દરજ્જો આપ્યો છે આ ચઢતો દરજ્જો માણસ જાતને આપવાનુ કારણ એ કે, તેને મળેલા અક્કલના કીમતી ગોહરથી તે આ દુન્યામા ખરા ખોટાને જુદુ પાડી, ખોટાને તજી, ખરા ઉપર અમલ કરી, પોતાની સર્વે ફરજો બજાવી, આ મુસાફરખાના સમાન દુન્યા, કે જ્યાં તે માત્ર મુસાફરીને અરથે આવ્યો છે, ત્યાથી પોતાના વેપારમા પ્રમાણીકપણે નફો મેલવી, ભરયો પુરયો પોતાને વતન પાછો સીધારે

માણુસ આ દુન્યામા એખલો ઉત્પન થયો નથી, તેની સાથે કાઇ અસખ્ય પેદાયશો તે કરીમે કારસાજે ઉત્પન કીધી છે. હરેક ચીજ કાઇ પણ કામસરજ જન્મ લે છે, માટે માણુસ પણ આ દુન્યામા કાઇ નકામો આવ્યો નથી. તે પોતાની સાથે પોતાનુ કામ પણ લેતો આવ્યો છે, અને તે કામ શુ છે? તે આપણે જોઇએ. તેનુ કામ તે પોતાની સાથે પેદા થયલા પોતાના જાતભાઇઓ, એટલે કુલ દુન્યાના માણુસજાત,

તરફની તેની ફરજ છે આ કુલ માણુસજાત તરફની જે તેની ફરજો, તેમાની સઉથી પેહલી ફરજ તે ભાઇબધી યાને એકદીલીની છે. ભાઇબધી યાને એકદીલી એ કુદરતનો, સર્વે ધર્મનો, અને સર્વે ખરી ફીલસુફીનો પહેલો અને મુળ કાનુન છે એ અશોઇનુ પહેલુ પગથીઉ છે. ભાઇબધી વીના અશોઇ હોતીજ નથી. જ્યા સુધી એક માણુસ, પોતાના જાતભાઈઓ, કુલ દુન્યાના માણુસજાત, બલકે કુલ દુન્યાની સઘળી પેદાયશ સાથે, સમાન યાને એક સરખા પ્યારથી વરતવાને શકિતવાન થાય નહી, જ્યા સુધી તેના અતઃકરણમાથી ભાઈબધી યાને એકદીલીના નીરમળ ખાલેસ રૂપેરી પાણીનો ઝરો વહીને આબાદી અને શાતી આસપાસ પાથરવાને શકિતવાન થાય નહીં, ત્યાસુધી તે અશોમા ખપવાનો દાવો કદી પણ કરી શકે નહીં

હરેક ધરમ ભાઇબધીનો ઉમદા કાનુન શીખવે છે તેના સ્થાપનારો પેગબરો કુલ જગતની સઘળી પેદાયશો તરફ ભાઇબધીથી વરતવાને પોતાના શાગેરદોને તાકીદ કરી ગયા છે પણ તેઓના અસલ વિચારો ઉપર મોટી ચાદર પથરાઈ છે આજે ભાઇબધીનો અરથ ઉલટાઈ ગયો છે. ખ્રીસ્તીઓ તમને ખુલ્લા હાથે, જો તમો તેના ધર્મમાં જોડાઓ તો, પોતાના એક ભાઇબધ તરીકે ગણવાને બોલાવે છે પણ જ્યા સુધી તમો તે ધરમમા જોડાઓ નહિ ત્યા સુધી, તેઓ તમને ભાઇબધ ગણવાને ના પાડશે એ ભાઇબધી માટેના ખ્રીસ્તીઓના વિચાર! ઇસ્લામી ભાઇઓનુ કોરાન કુલ માણુસજાતને ભાઇબધ ગણવાને શીખવે છે પણ સર્વેમા તે વિચાર બદલાઈ ગયો છે ખરી ભાઇબધી તે કુલ માણુસજાત તરફ સમાન યાને એક સરખા પ્યારથી વરતવામા, કુલ માણુસજાતના સુખ અને ભલા માટે કોશેસ કરવામા, તથા મિનોઈ ભાઇબધીનો ઝરો વહેતો કરવામા સમાયલી છે ખુદ કુદરત તરફથી આપણુને ભાઇબધીનો ધડો મળે છે ભાઇબધી એ કુદરતનો કાયદો છે, કુલ માણુસ જાતને, બલ્કે દુન્યાની કુલ પેદાયશોને બનાવનાર તે એકજ ખુદા છે જ્યારે એમજ છે, ત્યારે માણુસ જાતમા જુદાઈ શાની? માનવી માત્રનુ શરીર એક સરખી ચીજોમાથીજ ઉત્પન થયુ છે; તેના શરીરમા જે ધીમો પ્રકાશ ચળકે છે, તે પણ તે એકજ કરીમે કારસાજના બોહળા દરયાવમાનુ ટીપુ છે. ત્યારે જુદાઈ શા માટે? જેમ કપડા જુદા જુદા રગના, અને જુદી જુદી તરેહના બનાવવામા

આવે છે, પણ તેની અસલ તો માત્ર એકજ યાને ૨ છે, તેમ માણસનું શરીર જુદા જુદા કદ, અને જુદા જુદા આકારનુ બનાવવામાં આવે છે, તે છતા તેની અસલતો એકજ છે.

જાણીતા સુફી કવી શેખ સાઅદી ભાઇબધી માટે નીચલી ઉત્તમ બેતો આપે છે —

"બનીં આદમ અઝાએ યક દીગર અન્દ,
કે દર આફરીનૅશ ઝે યક જુહૅર અન્દ,
ચુ અઝવએ બદર્દ આવર્દ રૂઝગાર,
દીગર અઝુહાર ન માનદ કરાર,
તો કઝ મેહનતે દીગરાન બી ગમી,
નશાયદ કે નામત નેહન્દ આદમી"

"સઘળા માણસો એક બીજાના અવ્યવો છે, કારણ કે (દુન્યાની) શરૂઆતમા તેઓ એકજ મુળમાથી ઉત્પન્ન થયલા છે, જ્યારે આપણા શરીરના એક અવયવને દુખ પહોચે છે, ત્યારે બીજા અવ્યવોને કરાર હોતો નથી, જો તુ બીજાઓના દુખનો ગમ ન કરે તો, તુ માનવી કહેવાવાને લાયક નથી"

ખુદ જરથોસ્તીઓનાં પવિત્ર અને બેની હથ્યાર કુસ્તીમા પણ ભાઇબધીનો ઉમદા કાનુન સમાયલો નજરે પડે છે કુસ્તી વણાયા આગમજ તેના તાણા (ઉભા દોરા) અને વાણા (આરા દોરા) એક બીજાથી છુટા દેખાય છે, પણ વણાયા પછી તો તે એકજ માલમ પડે છે, યાને તે મુદલ છુટા દેખાતા નથી તે ઉપરથી પણ સમજ પડે છે કે, હરેક દેશ અને શેહેરના રહેવાસીઓમા જાત જાતના માણસો હોય છે, જેઓ બોલી, કાયો, ચાલચલણ, રીતરવેશ, ખાવુ, પહેરવુ, દીનધરમ, અને સ્વભાવમા એક બીજાથી ઘણીક રીતે વેગળા હોય છે, તોપણ તે સઘળાઓને એકજ ખોદાના પેદા કીધેલા બદાઓ સમજી, તેઓને ભાઇબધ દાખલ ગણી તેઓ સાથે નરમાશ, મહેરબાની તથા ભલાઇ રાખવી આ કુસ્તી ઉપરથી મળતા ઉત્તમ સબકથી હરેક ખરા મઝદયસ્નાનની ફરજ છે કે, સરવ તરફ ભાઇબધીની લાગણી અને એકદીલીનો ખાલેસ પ્યાર ધરાવવો.

જાણીતા ઇગ્રેજ ગ્રથકાર સર વિલ્યમ જોન્સના નીચલા બોલો ઉપરથી માલમ પડેછે, કે ભાઇબધી જરથોસ્તી ધર્મનો મુળ કાનુન છે.

"ખુદ હઝરત જરદુશ્ત પોતાના શાગેરદોને માણસ જાત તરફની ભાઈબંધી શીખવતા હતા એટલુંજ નહિં, પણ દુન્યાની દેખઈતી અને અણદીઠ સઘળી પેદાયશો તરફ ભાઈબંધીની લાગણી દેખાડવા માટે સબક આપતા હતા"

માણસો સાકળની કડીની માફક એકમેક સાથે જોડાયલા છે, અને તેઓ માત્ર એકજ ગંજાવર ચીજના ભંગો છે મુખ્ય કરી "ધર્મ, ઈન્સાન મંડળનુ મુળ બંધન હોવાથી જ્યારે તે મંડળ ભાઈબંધીનક ખરા ગાઢથી જોડાયલુ હોય છે, ત્યારે ખરૂ સુખ પ્રાપ્ત થાય છે"

યજશ્નેના ૨૬ મા હામા જણાવે છે કે "આ દેશમા વસ્તા અશો લોકોની ફ્રવશીઓને હમો વખાણ્યે છીએ, બીજા દેશમાં વસ્તા અશો લોકોની ફ્રવશીઓને હમો વખાણ્યે છીએ"

આ દુન્યાની આબાદી, ખુબી અને ખુશી, એ મંચલુ ભાઈબંધી ઉપરજ આધાર રાખે છે, સંપ અને ભઈબંધી જ્યા હોય છે, ત્યાજ આબાદી પોતાના ખુશાલી ભર્યા કદમ લાવે છે સુલેહ સંપજને તથા ભાઈબંધીને જરથોસ્તી ધરમમા વખાણવામા આવ્યા છે મરત સાથે સુલેહ સંપજ અને ભાઈબંધીથી રહેવુ, એ એક મઝદયસ્નાનની ફરજ છે, અને તે ખોદાતાલાને પસંદ છે, એ માટે વીસ્પરદમા જણાવે છે કે,

આક્તીમ હામ વએન્તીમ યજમઈદે,=સુલેહ અને હો મતને હમો ચાહીએ છીએ.

એથી ઉલટુંજ સુલેહ સંપજ તોડનારને યાને કુસંપ લાવનારને ખોદાતાલા નાપસંદ કરે છે, જે માટે અરદીબેહેસ્ત યશ્નમં જણાવે છે કે,

અનાક્ષ્ન અનાક્ષ્તોનેમ જનાદ=સુલેહ સંપજ નહિ રાખનારાઓ મારેલા યાને તુટેલા થાઓ

તવારીખો ઉપરથી પણ સાબેત થાય છે કે, જે દેશ, કોમ, કુટુંબ, યા ટોળામા કુસંપ અને કપટના નેહેસ્ત કદમ દાખલ થયા, તેના ચલકતા સેતારાનો અંત આવ્યો છે

કુલ માણસજાત એક મોટા ઝાડ સમાન છે, અને જેમ ઝાડની એક ડાખળી છુટી પડયા પછી તે કાંઈ પણ ફળ આપતી નથી, અને નકામી થઈ પડે છે, તેમજ એક માણસ, જે બીજાના સુખ-દુખમા ભાગ લેતા નથી, અને બીજાઓને પોતાથી જુદાં ગણી ધીક્કારે છે તે, કોઈ પણ રીતે પોતે સુખી થઈ શકતો નથી. જ્યા સુધી દુન્યાના બેતર-

માથી એકલપેટાપણાની જંગલી ઝાડીઓ જડ મુળથી ઉખેડી નાંખી, તેમા ભાઇબધીના બી નાખી, તે ઉપર સરખા પ્યારનું નીરમળ પાણી સીંચવામા આવે નહિ, ત્યાસુધી, સુખનાં અને આબાદીના ફળ કદી પણ મેળવી શકાય નહિ જ્યાં સુધી જુદાઇ અને એકલપેટાપણાનાં પાણીના તોફાની મોજાઓને ભાઇબધી અને એકદીલીના તેલથી શાંત કરવામા આવે નહિ, ત્યા સુધી, માણસ જાતનુ નીરાધાર વહાણુ દરયાવને પેલે પાર, જયા હમેશગી અને ખોદાઇ નુરનો અનંત પ્રકાશ પથરાયલો છે, ત્યા, કદી પણ સહીસલામત જવા પામે નહિ. ખરી ભાઇબધી અને ખરી એકદીલી એજ ખરૂ બળ છે. (Union is strength) આટલુ તો ખરૂ છે કે, ભાઇબધીના ગાઠથી જોડાયાથી માનવી માત્ર આબાદીથી ટેકવાઇ રહે છે, બલ્કે પોતાના કામોમા આગળ વધે છે, જયારે કુસ પની કાતરથી કપાયલા તેઓ જલદીથી તુટી પડે છે

જે, કાઇપણ બદલાની આશા વીના, પોતાના ફાયદાનો ભોગ આપીને બીજાનુ ભલુ કરવા માટે મહેનત કરે છે, તે, ખચીત પોતાના કામનો સપુરણ બદલો મેળવશે "બીજાનુ ભલુ" એજ આપણા હરેક કામોની નેમ હોવી જોઇએ. એજ આપણો મુદ્રા-લેખ (Motto) હોવો જોઇએ. આપણા પોતાના લાભોથી આપણને જુદા પાડવામાજ આપણે સઘલુ મેળવીએ છીએ ખુદ મરણ પણ ભાઇબધીનો ઉમદા સબક આપણને આપે છે અફલાતુન યાને પ્લેટો નામનો યુનાની હકીમ કહે છે કે, "યાદ કર તે જગાને, કે તુ એવી જગા ઉપર જશે, કે જે જગા ઉપર શેઠ તથા ચાકર, તેમજ ગુલામ તથા સાહેબ, સઉ બરાબર છે" ખુદ મરણ પછીની આરામગાહ પણ ભાઇબધીનો ઉત્તમ સબક આપે છે.

પણ હાલના જુદાઇ અને એકલપેટાપણાના જમાનામા સઘળા ઉત્તમ સબકો ઉપર પાણી ફરયુ છે હરેક માણસ બીજાના ભલાની કાઇ પણ દરકાર કરયા વગર માત્ર પોતાનુ ભલુ શોધે છે, અને તે પણ બીજાના ફાયદાને ભોગે, આથી જગે જગ કુસપ ચાલે છે. પરીણામ આખરે એજ કે, કુસપ જે પોતાની સાથે પોતાની બેહનપણી 'પડતી' ને લઇ આવે છે, તે, પોતાનોં નેહસ્તપ જો મારે છે, અને આખરે જયા કુસપ ત્યા પડતી. આ પડતીના પાપી પંજાથી બચવાને માટે હરેક

માણસે ભાઈબંધી યાને એકદીલીના મજબુત ગાઠથી બંધાવું જોઈએ કોઈને દુખી કરી પોતે સુખી થવાનો કદી પણ વિચાર રાખવો નહિ. માણસને પરવરદેગારે અક્કલ બક્ષી છે, કે જેથી તે તેનો સારો ઉપયોગ કરે પણ આ બાબદમા તે પોતાની અક્કલને આગળ વધવા દેતો નથી. જાનવરોના ટોળામાં તથા પક્ષીઓના માળામા, જે ભાઈબંધી અને પ્યાર માલમ પડે છે, તેવીજ ભાઈબંધી અને તેવોજ પ્યાર માણસોની કોમમા માલમ પડવો મુશ્કેલ છે. આ બાબદમા જો માણસ ભાઈબંધીના કાયદાને અનુસરીને ચાલે નહિ તો જાનવરો અને હેવાનો માણસ કરતા બેહેતર ગણી શકાય

જેમ એક ખેતરમા સીંપવા માટે ઉંડા કુવામાથી પાણી કાઢતા મહેનત પડે છે પણ તે પાણીના સીંપાયાથી જે આબાદી અને લીલા લેહેર આસપાસ નજરે પડે છે, અને જેથી આગલી મહેનતનુ દુખ ભુલાઈ જવાય છે, તેમજ જે વખતે અંતઃકરણમાથી એકદીલીના નીરમળ ઝરાનુ પાણી જોશભેર વહેવાડવાની કોશેશ કરવી પડે છે, તે વખતે, કાંઈક દુ:ખ ઉત્પન થાય છે. આપણા પોતાના લાભોના આપવા પડતા ભોગથી આપણુને ભારે દુખ ઉત્પન થાય છે, પણ તે એક દીલીના આસપાસ ઉડેલા નીરમળ પાણીથી હરેક, સંપજ અને આબાદીનો શાંત અને ખુશાલી ભરયો જે દેખાવ નજરે પડે છે, તેની ખરેખરી દુન્યાનો બીજો કોઈ બાકી દેખાવ કરવાને શકિતવાન થાય નહિ, આ દેખાવથી મળતુ સુખ માણસનુ સઘળુ દુખ ભુલાવી દે છે.

ભાઈબંધી યાને એકદીલી એ ખોદાઈ આશીશ છે, અને ખરો ભાગ્યવાન તેજ, કે જે, પોતાના અંતઃકરણના ગોલાબને ભાઈબંધીના નીરમળ પાણીથી ખીલવવાને શકિતવાન થાય છે.

પણ ભાઈબંધી યાને એકદીલી એખ્ત્યાર કરવા પહેલા તેના જે નાના બાઈબંધો છે તે એખ્ત્યાર કરવા જોઈએ આ, જે નાના બીયા છે તે દયા, નમ્રતા, પ્યાર, વીગેરે છે. આ બીયા રોપવા આગમજ વળી જુદાઈ અને એકલપેટાપણાના ભાઈબંધોના જે જંગલી ઝાડ ઝાખરા છે તે જડમુળથી ઉખેડી કાઢવા જોઈએ આ ઝાડ ઝાખરા તે મગરૂરી, કીનો, અદેખાઈ, બીજા તરફ ધીક્કાર વીગેરે છે જો એ ઝાડ ઝાખરાના મુળને રેહેવા દીધા હોય તો ભાઈબંધીના બીયા તે જમીનમા કદી પણ ખીલી શકે નહીં. માટે ભાઈબંધીના નિરદોષ, અને સુંદર ગોલાબના

ઝાડની આસપાસ દયા, નમ્રતા, પ્યાર, વીગેરેના લોખંડના મજબુત સળીયાની વાડ કરી લેવી જોઇએ. જેથી મગરૂરી, કીનો, અદેખાઇ અને જુદાઇના જંગલી જાનવરો તેમાંથી દાખલ થઇ તે નિરદોષ ગોલાબના ઝાડને કાંઇ પણ ઇજા કરી શકે નહીં. મગરૂરી, કીનો, અદેખાઇ, જુદાઇ અને એકલપેટાપણાના તોફાની મહાસાગરમાથી ભાઇબધીના વહાણને પસાર કરવા આગમજ તેને દયા, નમ્રતા અને પ્યારના મજબુત સઢો તથા ફૂલેમાથી તઇયાર કરી તોફાનની દરકાર કરયા વીના યઝદાનુ નામ જુબાન ઉપર લઇ ઝીપલાવવું જોઇએ; અને જો ભાઇબધીનુ વહાણુ મજબુત હશે તો તેની ઉપર તોફાનની જરા પણ અસર થઇ શકશે નહી જો પડતીના ભયાનક વંટોળ્યાથી બચવુ હોય તો ભાઇબધી યાને એકદીલીને હંમેશ સાથે રાખો સરવ સાથે સમાન યાને એકસરખા પ્યારથી વરતો ત્યારે અને ત્યારેજ સહીસલામત અને નફાભરી મુસાફરી થઇ શકશે, આ દુન્યાના બજારમા જો ભાઇબધી, દયા, નમ્રતા અને પ્યારના કીમતી ઝવાહીરોનો વેપાર થશે તો નફો મળશે. અગર નહી તો તથી ઉલટુ જ જુદાઇ, મગરૂરી, કીનો, અદેખાઇ અને એકલપેટાપણાના પથરાનો વેપાર કરવા જશો તો તે નફો તો કાંઇ મેળવી આપશેજ નહીં, બલકે ખાલી ભાર પડશે, અને તે ભારથી ઘર પાછા જતા તે બોજા તળે કચડાઇ જવુ પડશે.

- એ એક જાતની દીલની છુપી સખાવત છે એકલપેટા-
દીવસે થતી લુટફાટ યા ખુન સમાન છે તે કેમ તે
એ. ભાઇબધીના ઝાડમા એક મુખ્ય અને મોટી શાખા
ખાનુ નામ 'ભલી ઇચ્છા' કરીને છે, સરવનુ ભલુ
સરવનો મુદ્રા લેખ (Motto) હોવો જોઇએ. માણસની
ાશીષ જે તેના મનમાથી નીકળે છે તેની દુન્યામા અસર
ને દીલથી લોકોનુ ભલુ ઇચ્છવુ એ સરવથી મોટી અને
વત છે. આ ભલી ઇચ્છાનો નીકલેલો સખાવતનો ઝરો કુલ
ફરી વળી ત્યાથી તેને બરનો બદલો લઇ પાછો ફરેછે. જે
ા તે નીકળેછે ત્યાજ તે દુન્યાની પ્રદક્ષીણા કરી પાછો આવેછે,
યારેજ દીલ ખરૂ સુખ મેળવે છે. આ પાછો ફરેલો ઝરો આ-
અને શાતીના સુદર મોતીઓ લઇ આવે છે અને તેનો બેકી-
હાર પોતાના મુળમા એટલે અતઃકરણમા લાવીને મુકે છે, આનો
રથ તે ભાઇબધી એટલે છુપી સખાવત.

હવે એકલપેટાપણું તે લોકોનું ભલુ થતું હોય તેની અદેખાઈ કરી તેઓનુ બુરૂ ઇચ્છવુ, અને પોતે સઘળા લાભ મેળવવાની ઇચ્છા કરવી તે એક ધોળે દીવસે કીધેલી લુટફાટ યા ખુન સમાનજ છે એક માણસને લુટી તેની માલમતા લેવામા આવે છે યા તેનુ ગળુ કાપવામા આવેછે તેને આપણે લુટફાટ અને ખુન કહીએ છીએ આ પણ તેમજ છે તેને મળતા લાભો તેનુ બુરૂ ઇચ્છીને લઇ લેવામા આવે છે એ એક મોટી લુટ અને તેનુ બુરૂ ઇચ્છીને તેના અતકરણ ઉપર અદેખાઇનો તીર મારવામા આવેછે તેથી તેના અતકરણ ઉપર જે છુપી અસર થાયછે, જે છુપી રીતે તેનુ અતકરણ દુખથી રીબાય છે, તે તેનુ રીબાવીને ખુન કરયા સમાન છે

પણ કાટાનુ ઝાડ રોપ્યા પછી કદી ગોલાબ મળે? ના, કદી નહીં. તેમ કોઇનુ બુરૂ ઇચ્છી પોતાનો લાભ સાચવવા માગે તે કદી સચવાય? અલબતા નહીંજ તેમ બુરી ઇચ્છાના જે બીયા રોપરો, તેનો જે ફણગો ફુટશે, તેથી તો તે એમજ સમજશે કે હા ઝાડ ઝુગ્યુ ખરૂ! પણ તે ઉપર ગોલાબને ઠેકાણે તો સદતર કાટાજ છે, અને ગોલાબની આશામા તે ઝાડ પકડવા જતા તેનો જ્યારે કાટો લાગે છે ત્યારેજ તેની આખો ઉઘડે છે, ત્યારેજ અદેખાઇનો અધાપો તેની આખપરથી નીકલી જાયછે, ત્યારેજ તે સમજે છે કે ગોલાબની આશા કાટાના ઝાડથી તો કદી રખાયજ નહી

જે નમ્રતા, જે સમાન પ્યાર આગળા આપણા જોવામા આવતો હતો, તેની જગ્યા હાલના જુવાન્યાઓ લીધી છે, આજે નમ્રતા તદન નીકળી ગઇ છે આજે મનથી રાજા સમાન છે પણ નહિ, કુલ જગતને તે પરવ રીતે પેદા કીધી છે કે દરેક જણ એકમેકની મદદનો ઉ માણસજાત ઉપર ઘણા એક નાનામા નાના જાનવરોના પ ઉપકારો થાય છે

"ત્યારે, આપણી, આપણ ઇન્સાન્યતના બેટાઓની ફરજ તે કીરતારની ખુશી કબુલ રાખવી, જેણે આપણને અક્કલની મો આપી, જબાનની બક્ષેસ કીધી, અને અરસ પરસની મદદ એકમેકની જરૂર લેવા તથા આપવા માટે આપણને મડળીમા મુ છે. આપણો ખોરાક, આપણો પોશાક, આપણી સસારી સગવ

આપણું રક્ષણ, આપણી જીંદગીનું સુખ-ચેન અને મોજમજાહ એ સરવ બીજાઓની મદદના આધારમાં છે એ સઘળું મનુષ્ય મંડળ વગર આપણે કદી પણ પામી શકયે નહી. માટે આપણી ફરજ છે કે મનુષ્ય જાતના ભાઈબંધ થઈને રેહેવું."

"જેમ એક ગોવાળ પોતાની જાતી ખાશયતમાથી ખુસ્બો કાઢે છે, તેમ એક પરોપકાર બુધીના માણસના દીલ મધેથી સારા કામોની સુગંધ નીકળે છે. તે પોતાનાં અંતઃકરણની શાતી અને સુખ ભોગવે છે, અને પોતાના પાડોશીની આબાદાની જોઈ મનમા આનંદ પામે છે, કારણ કે અદેખાઈનો દેવ તેની ચકચકીત આંખોને આંધળી કરી શકતો નથી. તે બીજાઓની બદગોઈ ઉપર કાન ખોલતો નથી. માણસનો વાંક અને ખામી જોઈ તેના દીલમા દુઃખ લાગે છે," પણ તે સમજે છે કે ધીમે ધીમે તે ખામીઓ સુધરશે.

"કોઈનું પણ ભલું કરવું એજ તેના દીલની અતી આતુર ઈચ્છા છે તેજ ઈચ્છામા તેનુ જીગર કુદયા કરે છે અને તે ઈચ્છા જયારે અમલમા આવેછે, ત્યારેજ તેનું જીગર શાંત થાયછે. ભલુ કરવાની તે દરેક તક શોધતો રહેછે, અને બીજા ઉપર પડતા દુઃખનુ નીવારણ કરવામા તેને પોતાને મોટે આરામ અને સંતોશ ઉપજે છે.

તેના મન અને જીગરનો વિસ્તાર એટલો તો મોટો હોયછે કે કુલ આદમજાતનું ભલું કરવાની ઈચ્છા તે મધે સમાયલી છે, અને પોતાના હઈડાની ઉદારતાથી સરવના સુખમા વધારો કરવાની કોશેસ કરેછે."

કુદરત તરફ જરા નજર કરો! તે તો સઘળે સરખીજ બક્ષેસ કરેછે. જે આફતાબ અને માહતાબ આકાશ ઉપર પ્રકાશેછે તેઓના નુર તરફ જુઓ! તે રોશન આફતાબ જેવો પ્રકાશ અને અજવાળું એક રાજાના મહેલમાં પાથરે છે, તેવોજ પ્રકાશ અને તેવુંજ અજવાળું એક ગરીબની ઝુંપડીમા પણ રેડવાને તે ચૂક

ઉપરથી પડતા વરસાદ ઉપર નજર કરો

જળ રેડતો નથી; તેમ કાંઈ ગરીબ

નથી; તેની ખારશત એકજ છે; તે

પુરૂં પાડે છે. આ સઘળું આપણને

ઉમદામાં ઉમદા કાનુન શીખવે છે.

યઝદાં !

જરથોસ્તી ભાઇબંધોની મંડળી.

ધર્મને લગતી બાબદોનો અભ્યાસ પારસીઓમાં, (મુખ્ય કરી પારસી જુવાન્યાઓમાં) વધારવાની જરૂર દરરોજ વધતી જતી દેખાય છે આ ઉત્તમ અભ્યાસનો જુવાન્યાઓમાં વધારો થાય એવા હેતુથી ઉપલી મંડળી સ્થાપવામાં આવી છે આ મંડળીની મુખ્ય નેમ એ છે કે —

૧ લી.—જરથોસ્તીઓમાં ભાઇબંધી અને એકદીલીનો વધારો કરવો.

૨ જી.—જરથોસ્તી ધરમની ફીલસુફી અને વિદ્યાઓનો અભ્યાસ વધારવો

મંડળીના સઘળા સભાસદો સાથે ભાઇબંધીની રીતે વર્તવા સીવાય બીજી કોઇપણ ફરજ સભાસદોને માથે નાખવામાં આવશે નહિ સ્કુલના તથા કોલેજના વિદ્યાર્થીઓને અરજ કરવામાં આવે છે કે, આ મંડળીમાં જોડાઇ, તેને પોતાથી બનતી મદદ કરવી આ મંડળીની દર શનીવાર તથા રવિવારે સાંજે પાંચ વાગતે નિયમસર મળતી સભાઓ સર્વ જરથોસ્તી જવાન્યાઓ માટે ખુલ્લી છે

કાયદા કાનુનો, તથા દાખલ થવાની અરજીના ફારમો નીચલે ઠેકાણેથી મળશે આ બાબદ વધુ પુછપરછ કરવા ચહાનારાઓને અરજ કરવામાં આવે છે કે, દર શનીવાર તથા રવિવારે સાંજે પાંચથી સાત વાગ્યા સુધીમાં નીચે લખેલે ઠેકાણે આ મંડળીના સરનશીનને મળીને

ભાઇબંધોની મંડળી,

૨ બોયઝ એન્ડ ગર્લ્સ વાલા મકાનની પાસે,

ધોબીતલાવ.